# ધોરણ–૪ ગુજરાતી ત્રિમાસિક કસોટી ઓગસ્ટ ૨૦૨૬

કુલ ગુણ : ૪૦ સમય : **2** કલાક

**વિદ્યાર્થીનું નામ :** ______________________________ **રોલ નં. :** ____________ **તારીખ :** ______________

## પ્રશ્ન–૧. આપેલા ફકરાને આધારે પ્રશ્નોના જવાબ આપો. **(૦૪ ગુણ)**

નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરો.

આપણી શાળામાં એક સરસ પુસ્તકાલય છે. પુસ્તકાલયમાં બાળવાર્તા, કવિતા, વિજ્ઞાનકથાઓ, મહાપુરુષોના જીવનચરિત્ર વગેરે અનેક પ્રકારનાં પુસ્તકો છે. આપણે દરરોજ થોડો સમય પુસ્તકો વાંચવામાં વિતાવવો જોઈએ. નિયમિત વાંચન કરવાથી આપણું જ્ઞાન વધે છે, શબ્દભંડોળ વધે છે અને ભાષા પણ સુધરે છે.

અધ્યયન નિષ્પત્તિ : **G4.3.1 –** ગદ્ય અને પદ્ય લખાણમાંથી વિગતો શોધે છે**.**

1. શાળામાં કઈ સુવિધા છે?
   A. રમતનું મેદાન B. પુસ્તકાલય
   C. પ્રયોગશાળા D. બગીચો

2. પુસ્તકાલયમાં કયા પ્રકારનાં પુસ્તકો છે?
   A. માત્ર વાર્તાનાં B. માત્ર કવિતાનાં
   C. વિવિધ પ્રકારનાં D. માત્ર વિજ્ઞાનનાં

3. નિયમિત વાંચન કરવાથી શું વધે છે?
   A. ઊંચાઈ B. જ્ઞાન અને શબ્દભંડોળ
   C. વજન D. રમતગમત

4. પુસ્તકો વાંચવાથી કઈ બાબતમાં સુધારો થાય છે?
   A. ભાષામાં B. ઊંઘમાં
   C. દોડવામાં D. રમતમાં

## **પ્રશ્ન–૨. આપેલી વાર્તાને આધારે પ્રશ્નોના જવાબ આપો.** (૦૪ ગુણ)

એક કીડીને રસોડામાં સાકરનો મોટો ટુકડો મળ્યો. તેણે તે ટુકડો એકલી ખેંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ટુકડો હલ્યો નહીં. તેથી તે પોતાની બહેનપણીઓને બોલાવી લાવી. બધી કીડીઓએ એકસાથે ટુકડો પકડ્યો અને મહેનત કરીને તેને દરમાં લઈ ગઈ.

અધ્યયન નિષ્પત્તિ : **G4.3.1 –** કથાત્મક લખાણમાંથી વિગતો શોધે છે**.**

1. કીડીઓને શું મળ્યું?

   ........................................................................................................................

2. સાકરનો ટુકડો એકલી કીડી કેમ લઈ જઈ શકી નહીં?

   ........................................................................................................................

3. કીડી કોને બોલાવી લાવી?

   ........................................................................................................................

4. બધી કીડીઓએ મળીને શું કર્યું?

   ........................................................................................................................

## પ્રશ્ન–૩. આપેલી માહિતીને આધારે પ્રશ્નોના જવાબ આપો.

**(**કોઈ પણ એક વિભાગ**) (**૦૪ ગુણ**)** નીચેની માહિતી વાંચો.

| | | |
|---|---|---|
| મેળો<br>તરણેતરનો મેળો | સ્થળ<br>તરણેતર–સુરેન્દ્રનગર | સમય<br>ભાદરવા સુદ ૪ થી ૬ |
| ભાદરવી પૂનમનો મેળો | અંબાજી–બનાસકાંઠા | ભાદરવા સુદ પૂનમ |
| ભવનાથનો મેળો | ગિરનાર–જૂનાગઢ | મહા વદ ૯ થી ૧૧ |
| વૌઠાનો મેળો | ધોળકા–અમદાવાદ | કારતક સુદ પૂનમ |

અધ્યયન નિષ્પત્તિ **: G4.3.1 –** પ્રકીર્ણ લખાણનું વિશ્લેષણ કરે છે**.**

1. ભાદરવી પૂનમનો મેળો ક્યાં ભરાય છે?
   ...............................................................................................
2. ભવનાથનો મેળો કયા જિલ્લામાં ભરાય છે?
   ...............................................................................................
3. કારતક સુદ પૂનમે કયો મેળો ભરાય છે?
   ................................................................................................
4. તરણેતરનો મેળો કયા સ્થળે ભરાય છે?

..............................................................................................................

## **પ્રશ્ન–૪. માગ્યા મુજબ જવાબ આપો.(૦૬ ગુણ)**

(અ) લીટી દોરેલા શબ્દનો સાચો અર્થ કૌંસમાંથી શોધીને લખો.**(૦૨ ગુણ)**

1. ખેડૂત ખેતરમાં પરસેવો પાડીને અનાજ પકવે છે. ...........................................................
   (ખૂબ ઉત્સાહમાં આવી જવું, સખત મહેનત કરવી, પગે ઈજા થવી)
2. પ્રવાસે જવાનું નક્કી થતાં બાળકોના પગે પાંખો ફૂટી.............................................................
   (ખૂબ ઉત્સાહમાં આવી જવું, સખત મહેનત કરવી, પગે ઈજા થવી)

અધ્યયન નિષ્પત્તિ **: G4.6.2 –** સમાનાર્થી/શબ્દોના અર્થ ઓળખે છે**.**

### (બ) ઉદાહરણ મુજબ વાક્ય સુધારી ફરી લખો.**(૦૨ ગુણ)**

ઉદાહરણ :
કીડીને બે વાતનું દુઃખ હતાં.
→ કીડીને બે વાતનું દુઃખ હતું.

1. ખીસ્સું રડી પડ્યાં. .........................................................
2. કૂકડીનો મહેનત રંગ લાવી. .............................................

**અધ્યયન નિષ્પત્તિ : G4.6.4 – શબ્દનું રૂપાંતર કરી અન્ય શબ્દ બનાવે છે.**

(ક) સાચા અર્થ પર ગોળ કરી વાક્યમાં પ્રયોગ કરો. **(૦૨ ગુણ)**

1. નિરાંત : **(**ફુરસદ **/** નક્કી કરવું**)**
   વાક્ય : ________________________________________

2. ભીંજાવું : **(પલળવું / ભીંત પર ચડવું)**
   વાક્ય : ________________________________________

**અધ્યયન નિષ્પત્તિ : G4.6.3 – આપેલા શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.**

## પ્રશ્ન–૫. માગ્યા મુજબ જવાબ આપો. (03 ગુણ)

(અ) સંવાદ પૂર્ણ કરો.

**અધ્યયન નિષ્પત્તિ : G4.4.4 –** પરિચિત પરિસ્થિતિ અંગે સંવાદ રજૂ કરે છે.

(સારું, રજાચિઠ્ઠી આપીને જા / કેમ શું થયું? / આજે મારી તબિયત સારી નથી)

સાગર : સાહેબ, હું અંદર આવું?
સાહેબ : હા, આવ ને સાગર.
સાગર : સાહેબ, આજે હું ઘરે વહેલો જઈ શકું છું?
સાહેબ : ________________________________________
સાગર : ________________________________________
સાહેબ : ________________________________________

### (બ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

અધ્યયન નિષ્પત્તિ **: G4.4.12 –** વાંચેલી વિગતોને યોગ્ય રીતે રજૂ કરે છે.

1. તમને કેવું રમકડું ગમે છે? કેમ?
   ........................................................................................................................

2. દોડવું અને ઊડવુંમાં શું ફેર છે?
   ........................................................................................................................

3. સાચો મિત્ર કોને કહેવાય?
   ........................................................................................................................

## પ્રશ્ન–૬. માગ્યા મુજબ જવાબ આપો.**(03 ગુણ)**

### (અ) A, B, C વિભાગમાંથી યોગ્ય શબ્દ/શબ્દસમૂહ પસંદ કરીને અર્થપૂર્ણ વાક્ય બનાવો.

અધ્યયન નિષ્પત્તિ **: G4.6.3 –** આપેલા શબ્દનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવે છે.

**A :** બાળકો / ખેડૂત / પક્ષીઓ
**B :** મેદાનમાં / ખેતરમાં / આકાશમાં
**C :** રમે છે / કામ કરે છે / ઊડે છે

1. બાળકો ________________________________________.

2. ખેડૂત ________________________________________.

3. પક્ષીઓ ________________________________________.

### (બ) લીટી દોરેલા શબ્દનો જવાબ મળે એ રીતે પ્રશ્નવાક્ય બનાવો.

અધ્યયન નિષ્પત્તિ **: G4.5.7 –** વિધાન અને પ્રશ્નાર્થ વાક્ય ઓળખે અને પરિસ્થિતિ અનુસાર ઉપયોગ કરે છે.

1. રીના <u>બજારમાં</u> ગઈ.
   પ્રશ્ન : ________________________________________?

2. મયંકે પાંચ કેરી ખરીદી.
   પ્રશ્ન : ________________________________________?

3. રમેશ સવારે શાળાએ ગયો.
   પ્રશ્ન : ________________________________________?

પ્રશ્ન–૭. આપેલા ચિત્રને આધારે વાક્યો લખો. **(૦૫ ગુણ)**



અધ્યયન નિષ્પત્તિ **: G4.4.8 –** ચિત્રનું વર્ણન સાત-આઠ વાક્યોમાં લખે છે.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## પ્રશ્ન–૮. નીચે આપેલા વિષયોમાંથી કોઈ એક વિષય પર પાંચ વાક્યો લખો.**(૦૫ ગુણ)**

**અ**ધ્યયન નિષ્પત્તિ **: G4.4.1 –** પરિચિત પ્રસંગો, સ્થળ અને વ્યક્તિનું વર્ણન કરે છે.

(અ) વરસાદની મજા અથવા (બ) મારા ઘરનું આંગણું અથવા (ક) મારું રમકડું

______________________________________________

______________________________________________

આચાર્યશ્રીની સહી : ____________________